# કલ્યાણલક્ષી વિચાર

લેખક : **પૂજ્ય મુનિરાજ શ્રી ન્યાયવિજયજી**, ન્યાયવિશારદ, ન્યાયતીર્થ

**શાસ્ત્રથી** સીધો અનુભવ સર્જાતો નથી, પણ શાસ્ત્રોપદેશના યોગ્ય પરિશીલન બાદ મુમુક્ષુ જ્યારે અન્તર્યોગની સાધનાનો માર્ગ ગ્રહણ કરે છે ત્યારે એ સાધનાના વિકાસમાંથી, શાસ્ત્રોથી ન મેળવી શકાય એવો અનુભવ તેને પ્રાપ્ત થાય છે. આ પ્રકારના ઉજ્જ્વળ અનુભવમાંથી સર્જાતું શાસ્ત્ર યથાર્થ અને શ્રેયસ્કર હોય છે. આમ અનુભવનું સ્થાન બહુ ઊંચું છે, શાસ્ત્રની ભૂમિથી બહુ ઊંચે છે.

દુનિયામાં શાસ્ત્રોના પ્રવાહો કેટલી બધી ભિન્ન ભિન્ન વિચારધારાઓમાં વહી રહ્યા છે! એમના ( શાસ્ત્રોના ) પ્રણેતા ઋષિઓ સમાન ભૂમિકાના નથી. તે બધાની આંતરિક નિર્મલતા તથા સમતા સરખી નથી. શાસ્ત્રવિદ્યાના મહારથી મહાપુરુષ આચાર્યો વચ્ચે કેટલા અને કેવા મતભેદો જોવામાં આવે છે! અને સ્વમન્તવ્ય વિષે સમતુલા ન રહેતાં તેના પ્રતિપાદનમાં આવેશને વશ થયેલા પણ જોઈ શકાય છે. ઋષિઓ અને આચાર્યોના પરસ્પર ખંડનમંડનથી ભરેલાં શાસ્ત્રો કંઈ ઓછાં છે? આ પ્રકારના વિકટ વાવંટોળથી મૂંઝાઈ અખો ભગત બોલી ગયો કે—

“ અખો કહે અંધારો કૂવો, ઝઘડો ચુકાવી કોઈ ન મુઓ. ”

કહેવાની મતલબ એ છે કે શાસ્ત્રમોહે શાસ્ત્રના પૂજક ન થતાં પોતાની પ્રજ્ઞારૂપ પ્રદીપને સાથે રાખી શાસ્ત્રવિહાર કરવામાં ક્ષેમકુશલ છે. દરેક સમજદારે કોઈ પણ શાસ્ત્ર-જળ યા ઉપદેશ-જળને પોતાની સ્વસ્થ બુદ્ધિરૂપ ગળણાથી ગાળીને જ લેવામાં ડહાપણ છે. શાસ્ત્રોરૂપ સમુદ્રમાંથી “ મરજીવા ” થઈ મોતી કાઢવાનાં છે : એ રીતે શાસ્ત્રોથી કામ લેવાનું છે; પણ ડૂબી મરવા માટે કોઈ એક શાસ્ત્રને કૂવો બનાવવાનું નથી.

આર્ષ, પારમર્ષ શાસ્ત્રોમાં જ્ઞાનસમ્પત્તિ તથા પવિત્ર વિચારસમ્પત્તિ ઘણી ભરી છે. છતાં શાસ્ત્રો લાંબા ભૂતકાળના ઝંઝાવાતોમાંથી પસાર થઈ આવ્યાં છે એ વસ્તુ પણ, શાસ્ત્રોના અવલોકનમાં પોતાની સહજ તટસ્થ બુદ્ધિના ઉપયોગને સાથે રાખવાની આવશ્યકતા સૂચવે છે. કોરું “ બાબાવાક્યં પ્રમાણં ” ન ચાલે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજના પ્રતિભાશાલી પ્રાજ્ઞોના વિચારો શાસ્ત્રપરંપરાથી વિરુદ્ધ જણાતા હોય તોયે તેથી ન ભડકતાં તે વિચારોને સમતાથી વિચારવા ઘટે; અને, ઠીક લાગે તો, સત્યશોધકની હેસિયતથી તે વિચારોને પોતાની વિચારપૂંજીમાં ભેળવવા ઘટે. કોઈના પણ વિચારો જેટલે અંશે યુક્ત–ઉપયુક્ત લાગતા હોય તેટલે અંશે તેમની કદર કરવી ઘટે. એ સત્યપૂજા યા જ્ઞાનપૂજાનું પ્રશસ્ત લક્ષણ છે.

સત્યને માટે શાસ્ત્ર છે, પણ શાસ્ત્રને માટે સત્ય નથી. જે સત્ય છે, જે વિચારપૂત અથવા બુદ્ધિપૂત છે, યુક્તિસિદ્ધ અને હિતાવહ છે તેને શાસ્ત્ર ઉથલાવી શકે નહિ; ઉથલાવવા જાય તો તે પોતે જ ઊથલી પડે. જે બુદ્ધિથી અગમ્ય–બુદ્ધિની પહોંચની બહાર–હોય તેની સામે તો વિરોધ કરવાની શકયતા જ કયાં છે? તેવી બાબતમાં ગમ ન પડે તોયે ચુપકી જ રાખવી પડે. પરન્તુ બુદ્ધિવિરુદ્ધ હોય (બુદ્ધિ વાંધો ઉઠાવે) એવું, લોકહિતવિરુદ્ધ હોય એવું તત્ત્વ શાસ્ત્રથી (શાસ્ત્ર કહે છે માટે) માની લેવાય નહિ. બૃહસ્પતિ સ્મૃતિમાં કહ્યું છે :

केवलं शास्त्रमाश्रित्य न कर्तव्यो विनिर्णयः ।
युक्तिहीनविचारे तु धर्महानिः प्रजायते ॥

અર્થાત્ કેવળ શાસ્ત્રનો આધાર લઈ નિર્ણય કરી શકાય નહિ; કેમકે જે વિચાર યુક્તિવિરુદ્ધ હોય તેને અનુસરવાથી ધર્મની હાનિ થાય છે.

અહીં પ્રસંગોપાત્ત જણાવવું જોઈએ કે કુલાચારથી પણ સારું આચરણ કે સારાં કામ થાય તે પ્રશંસનીય છે, પણ સમજબુદ્ધિથી જે સત્કર્મ થાય તેની મજા એક ઔર છે. કુલાચારથી જે જૈન, બૌદ્ધ યા વૈષ્ણવ છે તેની એટલી મહત્તા નથી, પણ જે સમજપૂર્વક જૈન, બૌદ્ધ યા વૈષ્ણવ છે, અર્થાત્ જૈનત્વ, બૌદ્ધત્વ યા વૈષ્ણવત્વના વિશુદ્ધ આદર્શ મુજબ જે જૈન, બૌદ્ધ યા વૈષ્ણવ છે તે જ ખરો જૈન, બૌદ્ધ યા વૈષ્ણવ છે; કેમકે જે સમજપૂર્વક સન્માર્ગની દીક્ષા અંગીકાર કરે છે તે એ માર્ગની પરંપરામાં કસ્તર–કચરા જેવું જે આવી પડેલું હોય તેને ખસેડવાનો વિવેક પણ દાખવે છે. એવા વિવેકથી તે અસત્ તત્ત્વને દૂર કરી પોતાના જીવનવિકાસના સાધન સાથે આમજનતા આગળ પણ એક સ્વચ્છ જ્ઞાનમાર્ગ રજૂ કરે છે.

જૈન, બૌદ્ધ, વૈષ્ણવ વગેરે સંકુચિત મનોવૃત્તિના હોય તો જ એકબીજાથી અલગ–જુદા જુદા માર્ગગામી–બને છે, પણ જો વિવેકદૃષ્ટિસમ્પન્ન અને સાચી કલ્યાણ કામનાવાળા હોય તો તેઓ, સામ્પ્રદાયિક નામ જુદાં જુદાં ધરાવવા છતાં, વસ્તુતઃ એક જ કલ્યાણમાર્ગ પર વિહરનારા હોય છે. આવા સમભાવી, શુદ્ધ જિજ્ઞાસુ, ગુણપૂજક સજ્જનો ખરેખર, એક જ માર્ગના સહપ્રવાસી છે.

"વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે."

—એ ભજન, જે દેશભરમાં પ્રસિદ્ધ છે, તેમાં બતાવેલા નૈતિક સદ્‌ગુણો જેમ વૈષ્ણવ થવા માટે આવશ્યક છે, તેમ બૌદ્ધ કે જૈન થવા માટે પણ આવશ્યક છે. અતઃ એ સદ્‌ગુણોને ધારણ કરવા એ જ જો સાચું વૈષ્ણવથવાપણું, બૌદ્ધથવાપણું અથવા જૈનથવાપણું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય તો વૈષ્ણવપણું, બૌદ્ધપણું અને જૈનપણું એ જુદી વસ્તુઓ રહેતી નથી; એ એક જ વસ્તુ બની જાય છે. જેમ જલ, વારિ, પાણી, નીર શબ્દો એક જ વસ્તુના બોધક હોઈ જલ, વારિ, પાણી, નીર એક જ વસ્તુ છે, તેમ વૈષ્ણવ, બૌદ્ધ, જૈન * એક જ વસ્તુના બોધક હોઈ એક જ વસ્તુ છે.

જગતમાં દાર્શનિક મન્તવ્યો હમેશાં જુદાં જુદાં જ રહેવાનાં, તેમ જ ક્રિયાકાંડની પ્રણાલીઓ પણ જુદી જુદી જ રહેવાની.

હવે અહીં એ સમજી લેવાની જરૂર છે કે દાર્શનિક મન્તવ્યો અને ક્રિયાકાંડની જુદાઈને લીધે ધર્મમાં જુદાઈ આવી શકતી નથી. હજારો માણસોમાં દાર્શનિક માન્યતાઓ અને ક્રિયાકાંડની રીતિ-પદ્ધતિઓ એકબીજાથી જુદી જુદી હોવા છતાંય જો એ બધા સત્ય-અહિંસારૂપ એક ધર્મમાં માનનાર હોય તો તેઓ એક ધર્મના ગણાવા યોગ્ય છે.

એ વાત સ્પષ્ટ છે કે ધાર્મિકતાનું માપ ધર્મથી (જીવન ધર્મના નિર્મળ રંગે જેટલું રંગાયું હોય તે પરથી) થાય, દાર્શનિક પટુતાથી કે ક્રિયાકાંડના બાહ્ય આચરણ પરથી નહિ. તેમ જ એ પણ ખુલ્લું છે કે જીવનનો ઉદ્ધાર એકમાત્ર ધર્મથી (અહિંસા-સત્ય-રૂપ સદ્ધર્મના પાલનથી) છે, કોરાં દાર્શનિક મન્તવ્યોના સ્વીકરણથી કે કોરા ક્રિયાકાંડથી નહિ. આમ છતાં ભિન્ન ભિન્ન પ્રકારના દાર્શનિક વાદો પૈકી કોઈ પણ વાદ કોઈ માણસની પવિત્ર ધર્મસાધનામાં સહારો આપનાર બને અને કોઈ પદ્ધતિનું ક્રિયાકાંડ એની પવિત્ર ધર્મસાધનામાં ઉલ્લાસ પૂરનાર બને તો તે માણસ માટે તે બન્ને (તે વાદ અને તે ક્રિયા-કાંડ) શ્રેયસ્કર બની જાય છે.

આમ, ધર્મ એ મુદ્દાની વસ્તુ છે, અને દાર્શનિક મતવાદ તથા ક્રિયાકાંડનું સૌષ્ઠવ ધર્મપાલનમાં ઉપયોગી અથવા સહાયક થવામાં જ રહેલું છે. જેની પવિત્ર ધર્મસાધનામાં જે તત્ત્વવાદ અને જે પ્રકારનું ક્રિયાકાંડ સહારો આપે તે તેને માટે અમૃતરૂપ. અતઃ દાર્શનિક મન્તવ્યોની વિશેષતા કે ક્રિયાકાંડની ભિન્ન ભિન્ન પ્રણાલીઓ ઉપરથી **ધર્મ** જુદા જુદા માની લેવાની દૃષ્ટિ ખોટી હોઈ દૂર કરવી જોઈએ, અને અહિંસા-સત્યના સન્માર્ગમાં ધર્મ માનનારા બધા—ચાહે એ લાખો હોય કે કરોડો—એક ધર્મના છે, **સાધર્મિક** છે એમ સમજવું જોઈએ.

જીવનનું કલ્યાણ શાસ્ત્રજ્ઞાનની વિશાળતા કે અધિકતા ઉપર અવલંબિત નથી, પણ તત્ત્વભૂત સમજણનો દૃઢ રીતે અમલ કરવામાં છે. જાડી બુદ્ધિના પણ માણસો અનીતિ-અન્યાય તથા રાગ-રોષ ન કરવાની શિખામણને જીવનમાં ઉતારી ઝપાટામાં તરી ગયા છે, જ્યારે મોટા મોટા પંડિતો, શાસ્ત્રીઓ કે ફિલસૂફો તત્ત્વદૃષ્ટિને સ્પર્શવામાં અસમર્થ રહી ભવસાગરમાં ડૂબેલા રહે છે.

"મારું તે સાચું એમ નહિ, પણ સાચું તે મારું" એમ બોલવામાં ઘણાખરા ચતુરાઈ વાપરે છે, પણ વર્તવામાં તેઓ પક્ષમોહથી ખેંચાઈ જાય છે અને સાચું શું છે, ક્યાં છે એનો વિચાર કરવાને થોભતા નથી, અને પોતાનું તે સાચું અને બીજાનું તે ખોટું

* **વૈષ્ણવ, બૌદ્ધ, જૈનની જેમ અન્ય સમ્પ્રદાયાનુયાયી ધાર્મિકો પણ લેવા.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવા મનોબદ્ધ પૂર્વગ્રહથી દોરવાઈ બીજાને મિથ્યાત્વી, કુસંગી, નાસ્તિક, કાફર એવાં એવાં ઉપનામોથી નવાજે છે. પરન્તુ આમાં વિવેકદૃષ્ટિની મોટી ખામી દેખાઈ આવે છે.


જેમને આપણે આપ્તપુરુષ માન્યા તેમના વિષે આપણને શ્રદ્ધાલુભાવ હોય એ સ્વાભાવિક છે, પરંતુ તે શ્રદ્ધા અંધશ્રદ્ધા ન હોવી જોઈએ. સ્થાને પડેલી હોય તોયે વિવેક-વિચારના પાયાવાળી ન હોય તો તે જાગ્રત અને અડગ શ્રદ્ધા નથી હોતી. જ્યારે તે શ્રદ્ધાને વિવેક-વિચારનું પીઠબળ હોય છે ત્યારે તે સાચી શ્રદ્ધા બને છે.

અહીં આપણે એ જાણી લેવું ઉપયોગી છે કે માનવજીવનના સર્વાંગીણ વિકાસ માટે બુદ્ધિ (જે જ્ઞાનનું સ્થાન છે) અને હૃદય (જે શ્રદ્ધાનું સ્થાન છે) એ બેનું સંતુલન આવશ્યક છે. એ બન્ને એકબીજાનાં પૂરક છે—બુદ્ધિ જો કર્તવ્યમાર્ગ સુઝાડે છે, તો હૃદય એ માર્ગ પર ચાલવાની પ્રેરણા આપે છે; હૃદય વિના બુદ્ધિ નિષ્ક્રિય છે અને બુદ્ધિ વિના હૃદય દિગ્ભ્રાન્ત છે. બુદ્ધિ અને હૃદય એ બેના સુમેળથી જ જીવનયાત્રા ચાલે છે અને જીવનયાત્રાનું સૌષ્ઠવ સધાય છે.

ચારિત્રમાર્ગમાં જ્ઞાનની અપૂર્ણતા શ્રદ્ધાથી પૂરીને આગળ વધી શકાય છે. જેમ જેમ અનુભવજ્ઞાનનું ક્ષેત્ર વધતું જાય છે તેમ તેમ શ્રદ્ધાનું ક્ષેત્ર ઘટતું જાય છે—જોકે શ્રદ્ધાની ઘનિષ્ઠતા વધતી જાય છે; અને જ્યારે અનુભવજ્ઞાન પૂર્ણતાએ પહોંચે છે ત્યારે શ્રદ્ધા પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ તજીને અનુભવજ્ઞાનમાં લય પામી જાય છે.

કોઈ બાબતના અસ્તિત્વના સંબંધમાં અથવા કોઈ કાર્યકારણભાવના સંબંધમાં સન્દેહને માટે કિંચિત્ પણ અવકાશ રહેતો હોય ત્યાં શ્રદ્ધા રાખવા ન રાખવાનો પ્રશ્ન આગળ આવે છે; પરંતુ જ્યારે તે બાબતનું પ્રત્યક્ષ રીતે કે પ્રયોગસિદ્ધપણે અનુભવજ્ઞાન થાય છે ત્યારે શ્રદ્ધા રાખવા ન રાખવાનો પ્રશ્ન ઊઠતો નથી.

માંડલ (વીરમગામ થઈને) : તા. ૨૯–૧૦–૬૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org